# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-02-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## P.M.રાહત યોજના:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ માર્ગ અકસ્માત પીડિતને સારવાર સુનિશ્ચિત કરવા પીએમ રાહત યોજના શરૂ કરવા મંજૂરી આપી છે. આ યોજના હેઠળ, કોઈપણ શ્રેણીના માર્ગ અકસ્માત પીડિતને અકસ્માતની તારીખથી સાત દિવસના સમયગાળા માટે પ્રતિ પીડિત એક લાખ 50 હજાર સુધીની કેશલેસ સારવારનો અધિકાર રહેશે. માર્ગ, પરિવહન અને હાઇવે મંત્રાલયે જણાવ્યું હતું કે આ નિર્ણય સરકારની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે કે માર્ગ અકસ્માત પછી તાત્કાલિક તબીબી સહાયના અભાવે કોઈ જીવ ન જાય. મંત્રાલયે જણાવ્યું હતું કે, હોસ્પિટલોને વળતર મોટર વાહન અકસ્માત ભંડોળ દ્વારા કરવામાં આવશે .

--------------------------------------------------------------------------------

## P.M.-ભાવનગર ઈ-બસ :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે આસામથી 5 હજાર 450 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસકાર્યોનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે પીએમ ઇ-બસ સેવા યોજના અંતર્ગત ભાવનગર શહેરમાં 50 ઇ-બસોને લીલીઝંડી આપી હતી.

આગામી સમયમાં રાજ્યના આઠ શહેરોમાં આ યોજના અંતર્ગત 750 બસો દોડાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ભાવનગર ગુજરાતનું પ્રથમ શહેર છે જ્યાં આ યોજના અંતર્ગત 50 બસોની ભેટ આપવામાં આવી છે. ભાવનગરમાં કુલ 100 બસો દ્વારા નાગરિકો માટે પરિવહનની સુવિધાને વધુ સુદૃઢ બનાવવામાં આવશે.

ઇલેક્ટ્રિક બસો માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચરના અને ટેક્નિકલ સુવિધાઓ વિકસિત કરવામાં ગુજરાત અગ્રણી ભૂમિકા નિભાવી રહ્યું છે.

---

## કચ્છ-મહાશિવરાત્રી ઉજવણી:

દેવાધિદેવ મહાદેવની આરાધનાનાં પર્વ મહા શિવરાત્રિની આજે ભક્તિ સભર વાતાવરણ માં ઉજવણી થઈ રહી છે. વહેલી સવારે ચાર  પ્રહરની પૂજા સાથે ઉજવણીનો આરંભ થઈ રહ્યો છે પૂર્વમાં  કંથકોટથી પશ્ચિમમાં કોટેશ્વર સુધી જિલ્લાભરના શિવાલયોમાં પૂજા મહાઆરતી મહિમ્ન સ્તોત્ર પઠન  લઘુરુદ્ર  થી વાતાવરણ ગાજતું થશે. શિવાલયોને રોશની થી શણગારવામાં આવ્યા છે. વિવિધ સ્થળે રવાડી, શોભાયાત્રા વગેરે યોજાશે ભુજમાં આજે મહાકાલેશ્વર મંદિર થી બારમી શોભાયાત્ર યોજાશે. આ શોભાયાત્રામાં સંતો, મહંતો,રાજકીય, સામાજિક અગ્રણીઓ જોડાશે.  શોભાયાત્રામાં શિવ પાર્વતીની ઝાંખી રજૂ કરતા ફ્લોટ્સ આકર્ષણનું કેન્દ્ર બનશે મહાશિવરાત્રિ  પર્વના  દિને ધ્રંગ ખાતે મેકણદાદાના સ્થાનકે મેળો ભરાશે. ભુજમા  નાગર ચકલામાં આવેલ મેકણદાદા મંદિરે પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે.

---

## નાયબ મુખ્યમંત્રી-બિદડા:

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે માંડવી તાલુકાના બિદડામાં "જયા રિહેબિલિટેશન ઇન્સ્ટિટ્યૂટ એન્ડ રિસર્ચ સેન્ટર"ની મુલાકાત લીધી હતી. સેન્ટરમાં સારવાર સાથે યોગ્ય તાલીમ લઈને પેરા એથલેટિક્સમાં અવ્વલ આવેલા દિવ્યાંગો સાથે સહજ સંવાદ કરીને ગૃહ રાજ્યમંત્રીશ્રીએ રમતવીરોને પ્રોત્સાહિત કર્યા હતાં.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ સેન્ટરના કાર્ડિયો ડિપાર્ટમેન્ટ, પ્રોસ્થેટિક એન્ડ ઓર્થિટિક ડિપાર્ટમેન્ટની મુલાકાત લઈને વિગતે માહિતી મેળવી હતી. આ વેળાએ ગૃહ રાજ્યમંત્રીશ્રીએ દર્દીઓ સાથે વાતચીત કરીને આશ્વાસન આપ્યું હતું.

આ મુલાકાત દરમિયાન નાયબ મુખ્યમંત્રીશ્રીએ રિહેબિલિટેશન સેન્ટરમાં સારવાર સાથે યોગ્ય તાલીમ મેળવીને પેરા એથલેટિક્સમાં ગોલ્ડ મેડલ, સિલ્વર મેડલ વિજેતા અને ખેલ મહાકુંભના જુનિયર ખેલાડી સહિતના રમતવીરોને અભિનંદન પાઠવીને સતત આગળ વધવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## કચ્છ યુનિવર્સિટી-રાષ્ટ્રીય પરિસંવાદ:

કચ્છ યુનિવર્સિટી ખાતે ગુજરાતના નોલેજ કન્સોર્ટિયમ અને ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગના સહયોગથી આગામી તા. 21 અને 22 ફેબ્રુઆરીના બે દિવસીય રાષ્ટ્રીય પરિસંવાદ યોજાશે, જેનો વિષય `કલા ઇતિહાસ અને દૃશ્ય ભાષાનો આંતરસંબંધ' છે.

વિદ્યાર્થીઓ, સંશોધકો, કલાકારો અને દૃશ્ય કલાના કલાપ્રેમીઓ તેમાં જોડાઇ શકશે. રાષ્ટ્રીય પરિસંવાદમાં દેશભરના પ્રખ્યાત કલાકારો, લેખકો અને કલા વિવેચકો તેમના અનુભવો, વિચારો અને કલાત્મક દૃષ્ટિકોણ શેર કરશે. મુખ્ય વક્તા તરીકે પદ્મશ્રી વાસુદેવ કામથ, અનિલ રેલિયા, આદિત્ય ચારી, નિસર્ગ આહીર માર્ગદર્શન આપશે. આ સેમિનાર વિઝ્યુઅલ આર્ટસ વિભાગ દ્વારા યોજાયો છે.

---------------------------------------------------------------------------------------------

## ટી-20 વિશ્વકપ ક્રિકેટ:

ટી-20 વિશ્વકપની અમદાવાદમાં રમાયેલ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ન્યૂઝીલેન્ડને સાત વિકેટે હાર આપી હતી. ન્યૂઝીલેન્ડની ટીમે 7 વિકેટ ગુમાવી 175 રન કર્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમે 3 વિકેટ ગુમાવી 178 રન કરી મેચ જીતી લીધી હતી.

---------------------------------------------------------------------------------------------

## ભારત-પાકિસ્તાન મેચ:

ટી-20 વિશ્વ કપમાં આજે ભારત અને પાકિસ્તાનની ટીમો વચ્ચે મહત્વનો જંગ ખેલાશે. શ્રી લંકાના કોલંબો ખાતેઆ મેચ ભારતિય સમય મુજબ સાજે સાત વાગ્યે શરૂ થશે. ભારતે પ્રથમ મેચમાં અમેરિકાને 29 રને અને બીજી મેચમાં નામિબિયાને 93 રને હાર આપી હતી.

---

## દુધઈ-પશુપાલન શિબિર:

અંજાર તાલુકાનાં દુધઈમાં જિલ્લાકક્ષાની પશુપાલન શિબિર યોજાઈ હતી. જેમાં પશુપાલકોને વિવિધ મુદ્દે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.  પશુપાલન વિભાગ ગુજરાત રાજ્ય અને જિલ્લા પંચાયત દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લામાં પશુપાલન કઈ રીતે કરવું, પશુઓની માવજત, રસીકરણ, પશુઓના રોગોને કેવી રીતે અટકાવવા સહિતના મુદ્દે માર્ગદર્શન આપવાના ઉદેશ સાથે દુધઈમાં જિલ્લાકક્ષાની બીજી શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં નાયબ પશુપાલન નિયામક, મદદનીશ પશુપાલન નિયામક  સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ પશુપાલન સંલગ્ન વિવિધ યોજનાઓ સહિતના મુદ્દે પ્રકાશ પાડ્યો હતો.

---